# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૬/ક્વા-૩/૧૯-૨૦/૮૪૩૯–૧** **તા.૨૬–૧૨–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૬/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **સુરેશ વાલજીભાઈ સોલંકી** ગામ: ટીકર

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી - જુનાગઢ ગ્રામ્ય-૨

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સ્થળ: પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: ૨૪-૧૨-૨૦૧૯ ( મંગળવાર )

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારની અરજી ના નોંધણી નંબર :૬/ક્વા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, વંથલી તાલુકાના ટીકર ગામે ઘરવપરાશ હેતુ માટે નુ વીજજોડાણ ગ્રાહક નં.:૮૪૮૩૪/૦૦૬૫૦/૬ થી માણાવદર–૨ પેટા વિભાગીય કચેરી હેઠળ ધરાવે છે. સદર વીજજોડાણ નુ વીજબીલ નિયમીત ભરપાઈ કરાયેલ છે, પરંતુ – તેઓનુ વીજબીલ ૭ થી ૮ ગણુ રીડીંગ મીટર જોયા વગર– ઘરના સરનામાને બદલે વાડીના સરનામે મોકલાવેલ છે. જેથી, સદર વીજબીલ મીટરના રીડીંગ તપાસ કરાવી – નવુ વીજબીલ આપવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી સૂરેશભાઇ વાલજીભાઇ સોલંકી..મૂ:- -ટીકર..તા:-વંથલી Con.No.:-84834/00650/6..Cat:--RGPR જેમા છેલ્લા ૪ માસ નૂ રૂા:-૨૭૭૭.૨૮ નૂ વીજ બીલ વધૂ આપવા અંગે સી.જી.આર.એફ.મા ફરીયાદ કરેલ હતી.પરંતુ ત્યારબાદ તા:-૦૧/૧૨/૧૯ ના રોજ માણાવદર:-૨, સ.ડી. દવારા સદર બીલ વીજવપરાશ મુજબ નુ હોય – વિગતવાર સમજાવતા અરજદારે સદર બીલ પેટે રૂ.૧૦૦૦/– અને ત્યારબાદ રૂ.૧,૫૦૦/– ભરપાઈ કરી આપેલ છે. તેમજ તેઓની સદર ફરીયાદનુ નિરાકરણ થયેલ હોય – અરજદારે સમાધાનપત્રમાં તા.૦૧–૧૨–૧૯ ના રોજ સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૩.૧ **પેરા નં ૧.૦ અને** પેરા નં ૨.૦ અન્વયે અરજદારની સદર ફરિયાદનું **પી.જી.વી.સી.એલ. કક્ષાએથી** નિરાકરણ થતા - અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) તા.૦૧–૧૨–૧૯ થી રજુ કરાયેલ છે.

૩.૨ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન